ક્રમાંક:પ્રાશિનિ/૭-૨/સંકલન/૨૦૧૯/૫૪૯૭-૫૫૪૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા.૨૭/૦૯/૨૦૧૯

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

<u>વિષય:-</u> મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજંયતિની સમાપ્તિ દિવસની ઉજવણી કરવા બાબત.

<u>સંદર્ભ:-</u> અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:પ્રાશિનિ/૭-૨/સંકલન/૨૦૧૯/૪૫૩૨-૮૪, તા.30/૦૮/૨૦૧૯

ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ભારત સરકારના માનવ સંસાધન વિકાસ વિભાગના તા.30/૦૭/૨૦૧૯ના પત્ર અન્વયે મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજંયતિ ઉજવણી સમાપ્તિ કાર્યક્રમ આગામી તા.૨જી ઓકટોબર-૨૦૧૯ ના રોજ ઉજવણી થનાર છે. સદર દિવસે આપના જિલ્લામાં આવેલ તમામ શાળાઓમાં નીચે દર્શાવેલ મુજબના કાર્યક્રમો હાથ ધરવા અંગે આથી સુચના આપવામાં આવે છે.

(૧) દરેક શાળામાં નરસિંહ મહેતા રચિત ગાંધીજીનું પ્રિય ભજન "વૈષ્ણવજનતો તેને કહીએ..." નુ સામુહીક ગાન શાળામાં કરાવવાનું રહેશે.

(૨) ગાંધીજીના જીવનના પ્રસંગોનો વાર્તાલાપ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ સાથે કરવાનો રહે. ગાંધીજીના પ્રેરક પ્રસંગો બાળકો સમક્ષ કરવાના રહેશે.

(૩) હાલમા સીંગલ યુઝ પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. સદર બાબતોને ધ્યાને લઇને બાળકોમાં આ નિયમ શાળા કક્ષાએથી દ્રઢ થાય અને સમાજમાં તેનું અનુંકરણ થાય તે ધ્યાને લઇને આ સાથે સામેલ "પ્લાસ્ટીક મુક્ત ભારતનો સંકલ્પ લેવડાવવાનો રહેશે" જેનો નમુનો આ સાથે સામેલ છે.

(૪) જે શાળામાં પર્યાવરણ પ્રયોગશાળા બનાવવાની થતી હોય તેવી શાળાઓએ તા.૦૨/૧૦/૨૦૧૯ના રોજ પર્યાવરણ પ્રયોગશાળાની શરૂઆત કરવાની રહે.

Scanned by CamScanner

(૫) ગાંધી જયંતિ નિમિતે દર વર્ષે શિક્ષકો દ્વારા ખાદી ખરીદવામાં આવતી હોય છે. તે મુજબ ચાલુ વર્ષે પણ શિક્ષકો દ્વારા ખાદી ખરીદવામાં આવે તેવી સુચારુ વ્યવસ્થા આપના જિલ્લામાં ગોઠવવાની રહેશે. આપના જિલ્લામાં કેટલા શિક્ષકોએ ખાદી ખરીદી તથા કેટલી કિંમતની ખાદી ખરીદકરી આ બાબતની વિગતો નીચેના કોષ્ટકમાં આપના જિલ્લાના નોડલ ઓફિસરશ્રીને તા.૦૨/૧૦/૨૦૧૯ના રોજ બપોરના ૨.૦૦ કલાક સુધીમા વોટસએપ મારફત બિનચુક પણે પુરી પાડવાની રહેશે.

| જિલ્લાનું નામ | ખાદી ખરીદનાર શિક્ષકોની સંખ્યા | કેટલી કિંમતની | રીમાર્કસ |
|---|---|---|---|
| | | | |

બિડાણઃ- પ્લાસ્ટિક મુક્ત ભારત-સંકલ્પ પત્ર.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નિયામક
નિયામક શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

સવિનય નકલ રવાના જાણ સારૂ . . .
- અંગતસચિવશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અંગતસચિવશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રી(રાજ્યકક્ષા)નુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાનાઃ-
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સમગ્ર શિક્ષા અભિયાન મિશનની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર

જા.નં./ક-૩/૫૨૫૧/૨૦૧૯-૨૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વડોદરા તા. ૨/૧૦/૨૦૧૯

નકલ રવાના જાણ તથા અમલ કરવા સારૂ.

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
વડોદરા જિલ્લો.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

Scanned with CamScanner

Scanned by CamScanner

# પ્લાસ્ટિક મુક્ત ભારત – સંકલ્પ પત્ર

હું આથી સંકલ્પ કરું છું કે............

- હું પ્લાસ્ટીકમાંથી બનાવેલ થેલીઓ, થાળી, વાટકા, ગ્લાસ,કપ કે પાણીની બોટલોનો ઉપયોગ કરીશ નહી.
- હું મારી આસપાસના લોકોને એક જ વખત વપરાતા પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા સમજાવીશ.
- હું મારું ઘર, શાળા, ફળિયું, શેરી, બાગ-બગીચા જાહેર સ્થળો, ગામ તથા શહેર,રાજ્ય અને દેશને પ્લાસ્ટિક મુક્ત કરવા હંમેશા પ્રયત્નશીલ રહીશ.
- હું રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા અને પર્યાવરણને પ્રદૂષિત થતું બચાવવા માટે પ્લાસ્ટીક મુક્ત ભારતના સંકલ્પને પૂર્ણ કરવા મન,વચન અને કર્મથી હંમેશા પ્રયત્નશીલ રહીશ.

Scanned by CamScanner